## એકેડેમિક કાઉન્સિલની ભલામણ : મેનેજમેન્ટ વિદ્યાશાખા (બી. બી.એ.)

શરતો :–

૧. યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવતા આચાર્યની નિમણૂંક કરવામાં આવે.

૨. (૧) વર્ગ દીઠ નીચે મુજબ શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવામાં આવે.
– ૦૨ મેનેજમેન્ટ વિષયના વ્યાખ્યાતા
– કોમ્પ્યુટર, ગણિત, અંગ્રેજી અને નામું વિષય માટે મુલાકાતી વ્યાખ્યાતા
(૨) વર્ગદીઠ ૧૫ કોમ્પ્યુટર, ૦૧ પ્રિન્ટર, ઈન્ટરનેટ કનેકશન (લેન સાથે)

૩. યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂંક કરવામાં આવે.

૪. બિનશૈક્ષણિક સ્ટાફમાં નીચે મુજબની નિમણૂંક કરવામાં આવે.

| | | | |
|---|---|---|---|
| ૧. | સીનીયર કલાર્ક–૧ | ૨. | જુનિયર કલાર્ક–૧ |
| ૩. | પટાવાળા–૨ | ૪. | ચોકીદાર–૧ |
| ૫. | સ્વીપર–૧ | ૬. | કોમ્પ્યુટર ઓપરેટર–૧ |

૫. ગ્રંથાલયમાં રૂા.૧,૦૦,૦૦૦/– ના પુસ્તકો વસાવવા અને વિષયદીઠ ફાળવણી કરવી.

૬. પુસ્તકો–સામાયિકો અને દ્રશ્ય–શ્રાવ્ય સાધનો માટે પ્રતિ વર્ષ રૂા.૪૦૦૦/– નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

૭. કોલેજના મકાનમાં નીચે મુજબની ભૌતિક સુવિધાઓ કરવામાં આવે.
૧. વિદ્યાર્થી દીઠ ૮ ચો.ફૂટ લેખે ક્ષેત્રફળવાળા જરૂરી અભ્યાસ ખંડો
૨. આચાર્યશ્રી માટેનો (ટોઈલેટની સગવડ સાથેનો) અલગ ખંડ ટેલીફોન, કોમ્પ્યુટર, ફેકસ, પ્રિન્ટર સાથે
૩. ઓફિસ માટે જરૂરી ફર્નિચર અને અન્ય સુવિધાઓ સહિતનો ખંડ
૪. શિક્ષકો માટેનો (ટોઈલેટની સગવડ સાથેનો) ખંડ
૫. વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફ એકીસાથે બેસીને વાંચી શકે તેવો વાંચનખંડ સહિતના પુસ્તકો તથા પ્રવર્તમાન ફાર્માસ્યુટીકલ જર્નલ સાથેનો ખંડ
૬. વિદ્યાર્થીનીઓ માટે (ટોઈલેટની સગવડ સાથેનો) સ્વતંત્ર ખંડ
૭. પીવાના પાણી માટેનો ખંડ
૮. શૌચાલય વગેરેની પર્યાપ્ત સુવિધા
૯. ટયુટોરીયલ માટેનો જરૂરી ખંડ
૧૦. વિદ્યાર્થીઓ માટે (ટોઈલેટની સગવડ સાથેનો) ખંડ

૮. છાત્રાલયના ગૃહપતિ માટે છાત્રાલયના વિસ્તારમાં ભાડામુકત નિવાસસ્થાનની વ્યવસ્થા કરવામાં આવે.

૯. ૧૦,૦૦૦ ના ચો.મીટરના ક્ષેત્રફળવાળા રમત–ગમત મેદાનની વ્યવસ્થા કરવામાં આવે.

૧૦. કોલેજના આચાર્યશ્રીઓને મંડળની સંચાલક સમિતિ પર હોદ્દાગત સભ્ય બનાવવામાં આવે.

૧૧. યુનિવર્સિટીના ધારાધોરણ અને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો પ્રમાણે દરેક શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીઓને સમયસર પગાર અને અન્ય ભથ્થા બેંક મારફતે ચૂકવવામાં આવે.

૧૨. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ સ્ટાફની ભરતી કરવા માટે સરકારશ્રીની જે કંઈ મંજૂરી લેવાની આવશ્યકતા હોય તે મેળવવાની જવાબદારી કોલજ/સંચાલક મંડળની રહેશે.

૧૩. સરકારશ્રીના ધારાધોરણ મુજબ અનામત અને રોસ્ટર પધ્ધતિના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૪. યુનિવર્સિટી સૂચવે તે રીતે પેન્શન, પ્રો.ફંડ તથા ગ્રેજયુઈટી માટે જોગવાઈ કરવાની રહેશે.

૧૫. કર્મચારીઓની નિમણૂંક રાજય સરકારની અનામત અને રોસ્ટર નીતિ સાથે સુસંગત રાખવાની રહેશે.

૧૬. શિક્ષક અને બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે પેન્શન ગ્રેજયુઈટી ફંડ ઉભું કરવામાં આવે.

**<u>નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારશ્રી માર્ગદર્શિકા પ્રમાણેની વધારાની શરતો :</u>**

૧૭. ડીપોઝીટ અંગેની શરત :

(૧) રાજય સરકારના ઠરાવ પ્રમાણે :

૧. પોતાનું સ્વતંત્ર મકાન ન ધરાવનાર કોલેજે પાંચ વર્ષમાં પોતાનું મકાન બનાવી દેવાનું રહેશે. આ માટે સંચાલક મંડળે યુનિવર્સિટીમાં રૂપિયા બાર લાખની ડીપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે છ વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. મકાન બનાવનાર સંસ્થાએ પાંચ વર્ષ બાદ નિયમાનુસાર દંડ યુનિવર્સિટીને ભરવાનો રહેશે.

૨. કોલેજના કર્મચારીઓના પગાર–ભથ્થા માટે અનામત ફંડ તરીકે યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે રૂપિયા બે લાખ ડીપોઝીટ તરીકે છ વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાના રહેશે. જે યુનિવર્સિટીની પરવાનગી વિના ઉપાડી શકાશે નહીં તથા પાકતી મુદતે વ્યાજ સહીત તે રીન્યુ કરવાની રહેશે.

૧૮. ઉપર્યુકત ડીપોઝીટ પૈકી જે તે હેતુ કે શરતોનું સંસ્થા દ્વારા નિયત સમય–મર્યાદા કરવામાં નહિ આવે તો જે તે હેતુસરની ડીપોઝીટ યુનિવર્સિટી દ્વારા જપ્ત કરવામાં આવશે.

૧૯. જે તે અભ્યાસક્રમ માટેનું રાજય સરકારશ્રીનું 'ના વાંધા પ્રમાણપત્ર' કે 'સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી' મેળવવાની જવાબદારી સંચાલક મંડળની રહેશે.

૨૦. રાજય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી વિના સંસ્થા વિદ્યાર્થી પ્રવેશ આપી શકશે નહીં અને છતાં આપવામાં આવશે તો તે ગેરકાયદેસર પ્રવેશ ગણાશે અને તે માટેની સઘળી જવાબદારી સંસ્થાની રહેશે.

૨૧. નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારશ્રીના તા.૨૧–૨–૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક : યજન/૧૦૨૦૦૧/(૨૮)/ખ–૧ માં નમૂના–ક પ્રમાણેનું રૂા.૫૦–૦૦ ના સ્ટેમ્પ પેપર પર ડીડ ઓફ ડેકલેરેશન યાને એકરારનામું ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ સમક્ષ અથવા નોટરી સમક્ષ કરી મૂકવામાં આવેલ વિવિધ ફિકસ્ડ ડીપોઝીટની રસીદોની નકલ સહીત રજૂ કરવાની રહેશે.

૨૨. યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનિવર્સિટીના આવા વખતોવખતના નિયમો સંસ્થા/કોલેજને બંધનકર્તા રહેશે.

૨૩. મંડળ/ટ્રસ્ટે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂા.૬,૦૦,૦૦૦/– (છ લાખ પુરા) ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મુકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજસહીત રીન્યુ કરાવવાની રહેશે.

૨૪. સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂા.૨૫,૦૦,૦૦૦/– (પચ્ચીસ લાખ પુરા) ની રકમ રોકડમાં, બેંક બેલેન્સ કે ડીપોઝીટ રૂપે તથા રૂા.૨૫,૦૦,૦૦૦/– (પચ્ચીસ લાખ પુરા) ની સ્થાયી અસ્કયામતો ટ્રસ્ટ/મંડળના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવામાં આવશે.

૨૫. ડિપોઝીટની શરત અન્વયેની મિલ્કતો ઋણમુકત હોવા બાબતનું માન.ચેરીટી કમિશનરશ્રીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવું.

૨૬. કોલેજ શરૂ કરતા પહેલાં મંડળ પાસે રૂા.૫,૦૦,૦૦૦/– (પાંચ લાખ પુરા) નું વર્કીંગ ફંડ હોવાના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવાના રહેશે.

૨૭. ખાસ (કાયદાકીય) ફી તરીકે યુનિવર્સિટીના આકસ્મિક ભંડોળમાં પ્રતિ વર્ષ રૂા.૪૦૦૦/– (ચાર હજાર) લેખેની બાકી રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવે.

૨૮. કોલેજના તમામ સ્ટાફના પગાર બીલના ૨૦% રકમ સ્ટાફમાં નિવૃત્તિના લાભો માટે યુનિવર્સિટી સૂચવે તે નિધિમાં નિયમિતપણે જમા કરાવવામાં આવે.

૨૯. કોલેજમાં ઈ–મેઈલ/ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે.

૩૦. કોલેજમાં વિદ્યાર્થી પ્રવેશ માટે યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીની અનામત નીતિને અનુસરવાની રહેશે.

૩૧. વર્ષ દરમ્યાન કોલેજમાં ખાલી રહેલ શૈક્ષણિક વર્ગની જગ્યાઓના તેટલા સમયના પગારની બચાવેલ રકમના ૧૨૫% રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવે.

૩૨. યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારા–ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહિ.

૩૩. કોલેજના વિદ્યાર્થીઓ પાસેથી દર વર્ષે લેવામાં આવતી ટયુશન ફીમાંથી યુનિવર્સિટીના તા.૨૯–૫–૦૩ ના પરીપત્ર નં.–૧૦૯/૨૦૦૩ અન્વયેની નિયમાનુસારની વિદ્યાર્થીદીઠ, પ્રતિ વર્ષ પ્રમાણેની રકમ યુનિવર્સિટીમાં "વિકાસફંડ" ખાતે જમા કરાવવામાં આવે. આ માટે વિદ્યાર્થીઓ પાસેથી અલગથી કોઈ વધારાની રકમ ઉઘરાવી શકાશે નહિ.

૩૪. ઓછામાં ઓછા ૨૫૦ પુસ્તકો ખરીદવા.

૩૫. ઓછામાં ઓછા ૨૦ સામયિકો ખરીદવા.